# કન્યાઓના અભ્યાસ માટે બે લાખની સહાયનું બનાવટી ફોર્મ ફરતું થયું

ભિલોડા,તા.૧૦

પ્રધાનમંત્રી યોજના અંતર્ગત બેટી બચાવો,બેટી પઢાવો અભિયાન અંતર્ગત ૮ થી ૨૨ વર્ષની કન્યાઓના અભ્યાસ માટે રૂા.બે લાખની સહાયની યોજના અમલમાં મુકાઈ હોવાની અફવા અને બોગસ બનાવટી ફોર્મ લેભાગુ તત્વો ધ્વારા વેચાઈ રહ્યા હોવાના કારણે ધોળા



દિવસે મહિલાઓ,વાલીઓ, અભણ,ગરીબ,અશિક્ષીત પ્રજાજનો લાલચમાં આવી ધોળા દિવસે લુંટાઈ રહ્યા છે.આવી કોઈ જ યોજના અમલમાં નથી ? તેવો વહીવટી તંત્રના અધિકારીઓએ અનુરોધ કર્યો છે.


લેભાગુ તત્વોનો કારસો પ્રકાશમાં આવ્યો છે.કન્યાઓના અભ્યાસ માટે રૂા.બે લાખની સહાય મળશે તેવું બોગસ બનાવટી ફોર્મ સોશીયલ મિડીયામાં વાયરલ કરાયું હતું.સહાયનું બનાવટી ફોર્મની ઝેરોક્ષ કોપીઓ પણ ફરતી થઈ ગઈ છે.રૂા.બે લાખની સહાય મેળવવાની ઘેલછામાં ગરીબ,અભણ,ભોળા લોકો ધોળા દિવસે છેતરાઈ રહ્યા છે.એક અરજદાર દીઠ અંદાજીત રૂા.૫૦૦/- થી વધુનો ખર્ચ થઈ રહ્યો છે.પોસ્ટ ઓફીસમાં આધાર,પુરાવા સાથે ભરેલું બનાવટી બોગસ ફોર્મનું તૈયાર

કરેલું કવર પોસ્ટ મારફતે રજીસ્ટર એ.ડી. કરવા માટે પોસ્ટ ઓફીસમાં ઠેર-ઠેર મહિલાઓની કતારો જોવા મળે છે.અસહ્ય બાફ અને ઉકળાટમાં બે લાખની સહાય મેળવવાની ઘેલછામાં મહિલાઓની કતારો લાગતા જાગૃત પ્રજાજનો અચરજમાં મુંકાયા છે.

સરકાર ધ્વારા બે લાખની સહાયની યોજના અમલમાં મુકાઈ હોવાનું અને જેનો લાભ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના પ્રજાજનોને મળશે તેવું બોગસ ફોર્મ સોશીયલ મિડીયામાં ફરતુ થયું છે ત્યારે ફોર્મ મેળવવા અને આ યોજનાનો લાભ મેળવી લેવા માટે મહિલાઓએ ભારે દોડધામ મચાવી દીધી છે.વ્હાલી દિકરીઓને સહાય મળશે તેવી આશા સાથે અનેક લોકોએ ગ્રામ પંચાયતમાં સરપંચના સહી-સિક્કા કરાવી આધાર કાર્ડ,રેશન કાર્ડ,જન્મનો દાખલો,બેંન્કની પાસ બુક ઝેરોક્ષ સહિત વિવિધ પ્રકારના આધાર પુરાવા સાથે રૂા.બે લાખ મેળવવા માટે તમામ પ્રકારના ડોક્યુમેન્ટ તૈયાર કરીને કવર તૈયાર કર્યા બાદ મહિલાઓનો રજી.પોસ્ટ એ.ડી. કરવા માટે પોસ્ટ ઓફીસમાં પહોંચતાં હોય છે પરંતુ ત્યાં ઘસારો જોવા મળ્યો હતો.લોકોની ભીડ જોઈ પોસ્ટ વિભાગના કર્મચારીઓ

પરેશાન થઈ રહ્યા છે.

ફોર્મની વિગતો મુજબ બેટી બચાવો,બેટી પઢાવો યોજના



ये है सभी बेटीयोके लीए जरूरी
प्रधानमंत्री योजना गाव तथा शहेर के लीये
बेटी बचाओ बेटी पढाओ अतिदान पूजीफूट फार्म
8 वर्ष से 22 वर्ष के लीए

नाम
पिता का नाम
माता का नाम
जन्म तिथि
शैक्षणिक योग्यता
आधार नंबर
मकान नंबर
ईमेल आई डी
धर्म
जाति
बैंक खाता
आई एफ सी कोड
तिथि
स्थान
ग्राम प्रधान द्वारा ...
आवेदक का नाम
पिता का नाम
माता का नाम

पिता की आयु
आयु
स्थाई पता
हस्ताक्षर या अंगूठा निशान
ग्राम प्रधान की मोहर या हस्ताक्षर

प्रधानमंत्रीन बेटी पढाओ की शरूआतकी ...
260 तारीख की शरूआती राशी के साथ यह योजना देश भरमें 26 राज्योमें शूरू की गई है
यह योजना सभी गाम और शहर के लीए है
ईसमें सभी बेटीयो के लिए 2 लाख रूपये मिलेंगे
भेजने का पता :- भारत सरकार महिला एवं बाल विकास मंत्रालय शास्त्री भवन, दिल्ली-11000 की गई है

અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં અભ્યાસ કરતી ૮ થી ૨૨ વર્ષની કન્યાઓના અભ્યાસ માટે રૂા.બે લાખની પ્રધાનમંત્રી ધ્વારા રોકડ સહાય હોવાનું જણાવાયું હતું.કન્યાઓના અભ્યાસ માટે તેના પરિવારની બેંક ડીટેઈલ,સરનામુ સહિતનું વિગતવાર ફોર્મ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય,દિલ્હી ખાતે મોકલી આપવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોઈ ફોર્મ મેળવવા મહિલાઓ પડાપડી કરી રહ્યા

હોવાનું જાણવા મળેલ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આવી કોઈ જ યોજના જાહેર કરાઈ નથી તેવો વહીવટી તંત્રના અધિકારીઓએ અનુરોધ કર્યો હતો.

આ અંગે તપાસ કરતા બોગસ ફોર્મ પ્રકરણનો ભાંડો ફુટયો હતો.વહીવટી તંત્ર ધ્વારા આવી કોઈ જ યોજના અમલમાં મુકવામાં આવી નથી ત્યારે વાલીઓએ લલચાઈને આવું બોગસ ફોર્મ રૂપિયા ખર્ચી મેળવવું નહીં અને પરિવારની કોઈ પણ બેંક ડીટેઈલ આપવી નહીં.કોઈની ખોટી દોરવણી અને અફવાઓથી પણ દુર રહેવા અનુરોધ કર્યો છે.



## ગતિશીલ ગુજરાત કે વાઈબ્રન્ટ ગુજરાત..!!

વાઈબ્રન્ટ ગુજરાત જેવા તાયફા કરી કરોડો રૂપિયા ખર્ચી ગુજરાત રાજ્યને દેશ-દુનિયાના નકશા પર ગુજરાત ગતિશીલ અને વાઈબ્રન્ટ ગુજરાત હોવાનો ફુગ્ગો ફુલાવવામાં આવ્યો છે. બીજી બાજુ રાજ્યમાં ગરીબોની સંખ્યામાં વધારો થવાની સાથે ગરીબી રેખા નીચે અને શ્રમજીવી તરીકે જીવન ગુજારતા પરિવારો અને તેમના બાળકોની હાલત કફોડી અને દયનિય બનાવની સાથે અભ્યાસથી વંચિત છે. રાજ્ય સરકાર રેન બસેરા બનાવવામાં ઉણી ઉતરતા “ઉપર આભ નીચે જમીન” જ ઘર બનાવી રહેતા અનેક પરિવારો શહેરી વિસ્તારોમાં જીંદગી પસાર કરી રહ્યા છે. મોડાસામાં માલપુર રોડ પર વરસાદી પાણીના નિકાલ માટે ગટર યોજનામાં ગોઠવવા રાખેલા ગરનાળા જ કેટલાક પરિવારો માટે વરસાદથી બચવા માટે હાલ પૂરતા આશ્રય સ્થાન બન્યા છે. ગરનાળામાં આરામથી બપોરે ૩ બાળકો મીઠી નીંદર માણતા કેમેરામાં દ્રશ્યો કેદ થયા હતા.

# મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ-૨૭ પર ઠેર ઠેર પડેલા ગાબડાંથી વાહનચાલકો ત્રસ્ત

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાંથી પસાર થતો રાજ્ય ધોરીમાર્ગ



નં.૨૭ શામળાજીથી મોડાસા સુધીનો ૨૬ કિમી રોડ પર પ્રથમ વરસાદમાં ધોવાણ થતા અનેક જગ્યાએથી તૂટી જતા અને મસમોટા ગાબડાં પડતા વારંવાર અકસ્માતની ઘટનાઓ બની રહી છે. રોડ પર પડેલા ખાડાઓથી વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. રોડ પર પડેલા ખાડાઓમાં વરસાદનું પાણી ભરાઈ રહેતા વરસતા વરસાદમાં ખાડા ન દેખાતા નાના વાહનચાલકો પટકાવવાની અને ઈજાગ્રસ્ત થવાનો બનાવો બની રહ્યા છે. ગાજણ ટોલપ્લાઝા પર એલ.એન્ડ.ટી. કંપની વાહનચાલકો પાસેથી રોજનો લાખ્ખો રૂપિયાનો ટોલટેક્સ ઉઘરાવી રહી હોવા છતાં રોડનું સમારકામ ન કરાતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. રાજ્ય સરકાર અને જવાબદાર તંત્ર દ્વારા ખાનગી કંપની સામે પગલાં ભરવામાં આવે તેવી લોક માંગણી પ્રબળ બની છે.

શામળાજીથી ગોધરા હાઈવે માર્ગનું રાજ્ય સરકાર દ્વારા એલએન્ડટી કંપનીને કોન્ટ્રાકટ આપ્યો હતો. વર્ષ- ૨૦૧૨માં પ્રજાજનો અને વાહનચાલકો માટે ખુલ્લો મુકાયો હતો. એલએન્ડટી કંપનીને ૨૦ વર્ષ માટે કરાર મુજબ સોંપવામાં આવ્યો છે. કંપની દ્વારા ફક્ત વાહનચાલકો પાસેથી ટોલટેક્સ ઉઘરાવવામાં રસ હોય તેમ મોડાસા નજીક ગાજણ અને માલપુર નજીક ગલિયાદાંતી પાસે ટોલ બુથ ઉભા કરી ઉત્તર ભારતમાંથી દક્ષિણ ભારત જતા અને દિલ્હીથી મુંબઈને જોડાતો ટૂંકો માર્ગ હોવાથી આ રોડ પરથી રોજના હજ્જારો ટ્રક ચાલકો પાસેથી લાખ્ખો રૂપિયાનો ટોલટેક્સ ઉઘરાવી ગજવામાં સેરવી લે છે. પરંતુ રોડ પર પડેલા મસમોટા



ખાડાઓ અને ઠેર ઠેર પડેલા ગાબડાં પુરાવામાં બેદરકારી દાખવતા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

શામળાજી-મોડાસા રોડ પર પડેલા ખાડાઓને લીધે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા વાહનચાલકો છાસવારે પલટી જતા હોવાની સાથે અકસ્માતની ઘટનાઓ બનતા અનેક નિર્દોષ વાહનચાલકોએ જાનથી હાથ ધોવાના અને ઈજાગ્રસ્ત થવાની ઘટનાનો ભોગ ખાનગી કંપનીના પાપે બની રહ્યા છે. મોડાસા-શામળાજી રોડ પર પડેલા ખાડાઓ અને ગાબડાં તાત્કાલિક પુરવામાં આવેની માંગ વાહનચાલકોમાં પ્રબળ બની છે.

રાજ્ય સરકારે રોજયધોરી માર્ગ પર પડેલા ખાડાઓની ફરિયાદ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરવો જોઈએ જેથી જનતા ફરિયાદ કરે અને તે ખાડા તાત્કાલિક પુરાય જેથી અકસ્માતનો ભય ના રહે તેમજ ખાડા પુરવાના ખોટા બિલો બનાવી થતો ભ્રષ્ટાચાર પણ અટકે અને રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર કેવો રોડ બનાવ્યો અને કેટલા સમયમાં તૂટી ગયો તેની પોલ પણ ખુલ્લી પડે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.





## હિંમતનગર ખાતે હિતુ કનોડિયાનો ગીત-સંગીત નૃત્યનો કાર્યક્રમ યોજાયો

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની આર્થિક સહયોગથી અને હિંમતનગર નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે અને ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર ભરત વ્યાસ દ્વારા ગુજરાતી ફિલ્મના સુપરસ્ટાર હિતુ કનોડિયા અને મીલેનીયમ મેઘાસ્ટાર નરેશ કનોડિયા અને ૩૫ જેટલા કલાકારોના કાફલા સાથે ગીત, સંગીત અને નૃત્યનો કાર્યક્રમ તાજેતરમાં તા. ૬-૭-૧૯ના રોજ ટાઉનહોલ હિંમતનગર ખાતે સફળતાપૂર્વક યોજાયો. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપા પ્રમુખ જે.ડી. પટેલ, નગરપાલિકા પ્રમુખ અનિરૂદ્ધ પટેલ, તખતસિંહ હડિયોલ, અશોકભાઈ જોષી, વિજય. પંડ્યા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને ખુબજ મોટી સંખ્યામાં હાજર રહી પ્રેક્ષકોએ નીહાળ્યો હતો. હોલમાં સીટોની સંખ્યા કરતા પ્રેક્ષકોની હાજરી વધુ હોવાથી ખાસ એલીડીની વ્યવસ્થા નગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ચીફ ઓફિસર અલ્પેશ પટેલ અને આયોજક ભરત વ્યાસ અને તેમની ટીમે ખુબ જહેમત ઉઠાવી હતી.

# મેઘરજના મોટી મોયડીમાં ચુડવેલના ઉપદ્રવથી પ્રજાજનો રહેઠાણ બદલવા મજબુર

મેઘરજ, તા. ૧૦

ચોમાસાની ઋતુને આરંભે વરસાદની પ્રથમ હેલી અને ભેજવાળા વાતાવરણમાં દર વર્ષે અરવલ્લી-સાબરકાંઠાના કેટલાક



ગ્રામ્ય વિસ્તારોમાં બે ઈંચ લાંબી ઈયળ જેવી દેખાતી અને ચુડવેલ તરીકે ઓળખાતી જીવાત રાતોરાત લાખ્ખોની સંખ્યામાં દેખા દેતી હોય છે. મેઘરજ તાલુકાના મોટી મોયડી ગામમાં ચુડવેલના અસહ્ય બનેલા ઉપદ્રવથી પ્રજાજનો ઘર છોડવા મજબુર બન્યા છે. કેટલાક ગ્રામજનો ઘરને તાળા મારી બીજાને ત્યાં રહેવા મજબુર બન્યા છે. આરોગ્ય તંત્ર દ્વારા મોટી મોયડી ગામે દવાનો છંટકાવ કરી ચુડવેલના ઉપદ્રવને નાથવા અને નાશ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

મેઘરજના અંતરિયાળ વિસ્તારમાં ૨૫૦૦થી વધુ વસ્તી ધરાવતા મોટી મોયડી ગામને ચુડવેલ નામની જીવાતે ઘેરી લેતા પ્રજાજનો માટે આફતરૂપી બની રહી છે. મેઘરજ પંથકમાં છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લીધા બાદ ગામમાં ચુડવેલ નામની જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. મોટી મોયડી ગામના તમામ મકાનોની છત પર દીવાલો પર ઘરના રસોડામાં બહાર ચોકમાં સર્વત્ર ચુડવેલોના ઢગ ખડકાયા છે. જ્યાં નજર કરો ત્યાં ચુડવેલના ઝુંડ જોવા મળે છે. ગામમાં આવેલી બેન્કમાં પણ તમામ સ્થાનો પર ચુડવેલના ઢગલા જોવા મળી રહ્યા છે. આ ઉપદ્રવના કારણે સ્થાનિક રહીશો પોતાના રસોડામાં રસોઈ પણ બનાવી શકતા નથી. પશુપાલનના વ્યવસાયમાં પણ ચુડવેલોના કારણે દૂધ કાઢવામાં પણ તકલીફ પડે છે. દૂધ કાઢવા કે જમવા બેસે તો ઉપરથી ચુડવેલ જમવામાં પડે છે આવી હાલાકીને કારણે રહીશો પોતાના મકાનને તાળા મારી અન્ય સ્થળે રહેવા મજબૂર બન્યા છે. ગામમાં આવેલ એક બેન્કમાં સર્વત્ર જગ્યાએ જાણે દીવાલોમાં અને છત પર ડિઝાઈન પાડી હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ખુલ્લા રસ્તા પર પણ ચુડવેલોના ઢગલા જોવા મળ્યા. ચુડવેલના ઉપદ્રવના કારણે ક્યારેક રોગચાળો ફાટી નીકળવાની સંભાવના રહેલી છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ચુડવેલોનો ઉપદ્રવ અટકાવવા માટે દવાનો છંટકાવ કે અન્ય કોઈ ઉપાય કરવામાં આવે એવી સ્થાનિકોની માગ રહેલી છે.

મોટી મોયડી ગામના જાગૃત નાગરિક બિપીનભાઈ પટેલના જણાવ્યા અનુસાર, ચુડવેલના ત્રાસથી પ્રાથમિક શાળામા અભ્યાસ કરતા બાળકોને અપાર મુશ્કેલીઓ તથા ગ્રામ પંચાયત બેંક અને ચોમાસાની સીઝનમાં સહકારી મંડળીમાં આવતા ખેડૂતોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાતર બિયારણ માટે સહકારી મંડળી પણ ખોલી શકાતી નથી તથા બેંકના કામકાજ માટે આવતા ગ્રાહકોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ માટે તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી થાય તેવું ગામલોકો ઈચ્છી રહ્યા છે.

## મચ્છરજન્ય રોગોને ડામવા તાલુકા આરોગ્ય તંત્ર દ્વારા જાહેર જનતાને અપીલ

ભિલોડા, તા. ૧૦

ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદને કારણે મેલેરિયા ડેન્ગ્યુ અને ચીકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોનું પ્રમાણ જોવા મળે છે. મચ્છર કરડવાથી આવા રોગો ફેલાય છે આથી આ રોગોના નિયંત્રણ માટે મચ્છરની ઉત્પતિ અટકાવવી જરૂરી છે. જેમાં લોક સહકાર અને લોકજાગૃતિ વધે તે જરૂરી છે.

આ બાબતે લોકો દ્વારા પોતાના ઘરના તમામ પાણી ભરેલા પાત્રોને હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખવા, અઠવાડિયે એક વખત પાણી ભરેલા વાસણોને ઘસીને સાફ કરી સુકવ્યા બાદ જ ફરીથી ભરવા, ફુલદાની, પક્ષીકુંજ, ફ્રિઝની ટ્રે, કુલરના પાણીનો દર અઠવાડિયે નિકાલ કરવો, ઘરના ધાબા પર પાણીનો ભરાવો ન થવા દેવો તથા લોકોએ હંમેશા મચ્છરદાનીમાં સૂવુ, દિવસ દરમ્યાન આખુ શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા, મચ્છર ન કરડે તેવી ક્રિમનો ઉપયોગ કરવો તથા તાવ આવે તો તરત જ આરોગ્ય કેન્દ્ર અને આશાની મુલાકાત લેવી. આજ રીતે આપણા ઘરની આજુબાજુમાં પણ સ્વચ્છતા રાખવી એ પણ આપણી જવાબદારી અને નૈતિક ફરજ સમજીને સહકાર આપવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા જિલ્લા મેલેરિયા અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારી ભિલોડા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

# અરવલ્લી વી.એચ.પી.એ દેશ વિરોધી જેહાદી ગતિવિધિઓ પર અંકુશ લાદવા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૧૦

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધીને મંગળવારે કલેકટરને આપવામાં આવેલા આવેદનપત્રમાં મોબ લિંચિંગનો દુષ્પ્રચાર કરી તોફાનો કરાવાની સાજીશ કરી રહેલ હિન્દુદ્રોહી દેશ વિરોધી જેહાદી ગતિવિધિઓ ઉપર અંકુશ લાદવા માંગ કરવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લા વીએચપીના મહેશભાઈ ભાવસાર, સંજય ભાવસાર,રાજુ પટેલ સહિતના કાર્યકરો અને બજરંગ દળના સદસ્યોએ એડિશનલ કલેકટર વલવીને આવેદનપત્ર આપી દેશમાં છેલ્લા કેટલાય સમયથી અલગાવવાદી માનસિકતા સાથે જેહાદી સંગઠનોની દેશ વિરોધી અને



હિન્દુદ્રોહી ગતિવિધિઓના કારણે હિન્દુ સમાજ અને હિન્દુ ધર્મ સ્થળો પર ટોળાઓ દ્વારા હુમલા અને મોબિલિન્ચિંગના નામ પર નાની ઘટનાઓને મોટું સ્વરૂપ આપી હિન્દુ સમાજને બદનામ કરવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. કેરળ, બંગાળ, કર્ણાટક રાજ્યમાં હિંદુઓ પર થઈ રહેલા જાન લેવા હુમલા, દિલ્હીમાં મંદિર પર થયેલા હુમલાને શખ્ત શબ્દોમાં વખોડી દેશ વિરોધી ગતિવિધિઓ સાથે સંકળાયેલા અસામાજિક તત્વો સામે શખ્ત કાર્યવાહી કરાવાની માંગ કરી હતી.




પાલનપુરમાં બજેટ-૨૦૧૯ અંગે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. જેમાં વક્તા તરીકે સી.એ. બકુલભાઈ આઈ. શાહ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબ ઓફ પાલનપુર, રોટરી ક્લબ ઓફ પાલનપુર સીટી તેમજ પાલનપુર બનાસકાંઠા ઝૅઈ ચેપ્ટર ઓફ WIRC ઓફ CAIનાં સંયુક્ત ઉપક્રમે લાયન્સ કોમ્યુનિટી હોલ ખાતે બજેટ ૨૦૧૯ અંગે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. જેમાં વક્તા તરીકે સી.એ. બકુલભાઈ આઈ. શાહે બજેટ અંગે ઉદભવતા જરૂરી પ્રશ્નો અંગેની મૂંઝવણ દૂર કરી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ પ્રસંગે શહેરના પ્રબુદ્ધ આગેવાનો, વેપારી મિત્રો તેમજ સભ્યો હાજર રહ્યા હતા.

## આર. જે. તન્ના પ્રેરણામાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ભિલોડા, તા. ૧૦

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. શાળા કેમ્પસમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને રામાયણનું ઉદાહરણ આપી જણાવ્યું કે લંકા ઉપર વિજય મેળવવા માટે વાનર સેનાએ જે કામ કર્યુ હતુ તે કામ તમારે વિદ્યાર્થી તરીકે જાગૃત બનીને કરવાની સલાહ આપી. શાળાના આચાર્ય રમણભાઈ પટેલે દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનને પર્યાવરણની જાળવણી માટે એક છોડ ફરજીયાત રોપી તેની માવજત થાય તેવી હાંકલ કરી હતી. આ પ્રસંગે તાલુકા આરોગ્ય અધિકારીએ વ્યસનમુક્ત રહેવા માટેની વાત કરી હતી. સમગ્ર શાળા સ્ટાફ હાજર રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક ડી.આર. ચૌધરીએ કર્યુ હતું.

## સૂઈગામ તાલુકાના તીડ પ્રભાવિત વિસ્તારની કૃષિમંત્રીએ મુલાકાત લીધી

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકાના તીડ પ્રભાવિત વિસ્તારની કૃષિ, ગ્રામ વિકાસ અને વાહન વ્યવહાર મંત્રી આર. સી. ફળદુએ મુલાકાત લઈ જાત નિરીક્ષણ કર્યુ હતું. કૃષિમંત્રીએ મોડી સાંજે ખેડૂતો અને ગામના આગેવાનો સાથે મુલાકાત કરી તીડના આક્રમણ અને તેના સામે તંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાંઓ અંગેની જાત માહિતી મેળવી હતી.